**સ્પે.દી.મુ. નંબરઃ ૫૪૦/૨૦૨૨ ના કામે આંક – ૦૧ લગત હુકમ**

રેર્કડ ધ્યાને લીધુ. આ કામના પક્ષકારો વચ્ચે સમાધાન થતા આ કામના પક્ષકારો તથા તેઓના વ.શ્રી.ઓ હાજર છે. આ કામના પ્રતિવાદી નં.–૨ નાઓ ફોજદારી ગુન્હાના કામે જેલમાં હોય તેઓને હાજર રખાવવા યાદી કરતા હાજર રખાવવામાં આવેલ છે અને તેઓ તરફે વિ.વ.શ્રી.જી.બી.ગોહીલ નાઓ હાજર થયેલ છે. આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય આ કામના વાદીઓ દ્વારા હાલનો દાવો પ્રતિવાદી નં –૧ પુરતો બિનશરતી પરત ખેંચવા મતલબની આંક – ૧૦ થી પુરશીસ રજુ કરી હાલનો દાવો પ્રતિવાદી નં.–૧ પુરતો પરત ખેંચતા હોય સદર પુરશીસ રેર્કડ કરી પ્રતિવાદી – ૧ પુરતો દાવો વીડ્રો થી ફેસલ કરવામાં આવે છે. જ્યારે આ કામના વાદીઓ અને પ્રતિવાદી નં – ૨ વચ્ચે થયેલ સમાધાન મુજબ આંક – ૧૨ થી કરારદાદ પુરશીસ રજુ કરેલ છે જે તેઓને વાંચી સંભળાવતા કબુલ મંજુર રાખે છે. જેથી સદર કરારદાદ રેર્કડ કરી અને તે કરારદાદ મુજબ હુકમનામુ દોરવુ.

નિયમ મુજબનું કોર્ટ ફી રીફન્ડ વાદી તરફે ની રજુ આંક – ૧૩ ની પુરશીસ મુજબ વાદ નં –3 ના નામનુ ઇશ્યુ કરવુ.

આ હુકમ આજરોજ તા – ૧૧, માહે – ફેબ્રુઆરી, સને – ૨૦૨૩ ના રોજ લ અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૧–૨–૨૦૨૩
સ્થળ – અમદાવાદ

પાંચમાં એડી.સીની.સીવીલ જજ
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર
યુ.આઇ.સી.નં.જી.જે.૦૧૧૫૮